# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

**ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જુ.કૃ.યુ.**
**અમરેલી-૩૬૫૬૦૧**
**ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨**

अमरेली જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે
**ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા બાજુની નિશાનીઓ પર ક્લિક કરવું

## અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૦૮/૨૦૨૧
## તા. ૨૫-૦૧-૨૦૨૧
**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )**

### પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન

| અ. નં. | હવામાન પરિબળો | 19/01/2021 | 20/01/2021 | 21/01/2021 | 22/01/2021 | 23/01/2021 | 24/01/2021 | 25/01/2021 |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 29.8 | 29.2 | 30.4 | 30 | 29.2 | 28.8 | |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 11.6 | 12.4 | 11 | 14.3 | 16.6 | 11 | 10.4 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 81 | 65 | 77 | 66 | 52 | 78 | 48 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 23 | 17 | 28 | 29 | 33 | 16 | |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 4.62 | 4.32 | 3.39 | 3.25 | 6.03 | 3.47 | 4.96 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | નૈરુત્ય-225 | ઉત્તર -360 | ઉત્તર -360 | વાયવ્ય-315 | પશ્ચિમ-270 | ઉત્તર -360 | ઉત્તર -360 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

### તા. 26/01/2021 થી 30/01/2021 ની હવામાન આગાહી:

| અ. નં. | હવામાન પરિબળો | 26/01/2021 | 27/01/2021 | 28/01/2021 | 29/01/2021 | 30/01/2021 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 29 | 29 | 29 | 29 | 29 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 10 | 11 | 11 | 11 | 10 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 25 | 28 | 28 | 27 | 23 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 15 | 13 | 16 | 17 | 14 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 15.8 | 16.5 | 17.1 | 20.1 | 19.3 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | ઇશાન-27 | ઇશાન-25 | ઇશાન-30 | ઉત્તર-22 | ઇશાન-27 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 0 | 1 | 0 | 0 | 0 |

**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

## કૃષિ સલાહ

| હવામાન સારાંશ / ચેતવણી | |
|---|---|
| | અમરેલી જીલ્લામાં આગામી પાંચ દિવસ દરમ્યાન હવામાન સુકું, ઠંડુ અને આકાશ ચોખ્ખું રહેવાની શક્યતા છે. લઘુત્તમ તાપમાન ૧૦ થી ૧૧ °સે રહેવાની શક્યતા છે. સવારના સમયે ઝાકળની શક્યતા રહેશે નહિ. વરસાદ પડવાની કોઈ શક્યતા નથી.<br><br>પવન પવન ઉત્તર, ઇશાન દિશાથી, ૧૫ થી ૨૦  કીમી/કલાકની ગતિના ઝાટકા સાથે ફૂંકાવાની શક્યતા છે. |

**આગોતરું અનુમાન:** તા  ૨૯ જાન્યુઆરીથી ૦૪ ફેબ્રુઆરી માં માં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૪ °સે રહેવાની શક્યતા છે, જે સામાન્ય લઘુત્તમ તાપમાન જેટલું કહી શકાય.


**સામાન્ય કૃષિ સલાહ**

- ઉનાળુ પાકો માટે જમીનની તૈયારી અને બિયારણની પસંદગી કરવી. પ્રમાણિત અને રોગ પ્રતિકારકતા ધરાવતી જાતનું બીજ વાપરવું.
- હાલ પરિસ્થિતિ પ્રમાણે તાપમાન નીચું હોવાથી ઉનાળુ પાકનું વાવેતર કરવામાં ઉતાવળ કરવી નહિ.
- વહેલું વાવેતર કરેલા ચણાની કાપણી માટેનું આયોજન કરવું.
- પવનની ગતિ વધવાની હોવાથી ઘઉંના પાકમાં શક્ય હોય ત્યાં સુધી પિયત ટાળવું, અથવા સાંજના સમયે હળવું પિયત આપવું.

**SMS**

- હાલ પરિસ્થિતિ પ્રમાણે તાપમાન નીચું હોવાથી ઉનાળુ પાકનું વાવેતર કરવામાં ઉતાવળ કરવી નહિ.

## લઘુત્તમ તાપમાન માટેની ૪ અઠવાડિયાની આગાહી અને તેની સામાન્ય લઘુત્તમ તાપમાન સાથે સરખામણી




## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| તલ (ઉનાળુ) | જમીનની તૈયારી અને જાતની પસંદગી | વાવેતર સમય | • ઉનાળુ તલનું વાવેતર **ફેબ્રુઆરી માસના પ્રથમ પખવાડીયામાં** કરવું જ્યારે લઘુતમ તાપમાન **૨૦** °સે. ઉપર અને ગુરૂત્તમ તાપમાન **૩૦** °સે. હોય છે. તે સમયે ઠંડીનું પ્રમાણ પણ ઓછું હોય છે અને વરસાદ આવવાની શકયતાઓ પણ ઓછી હોય છે. |

